# અંતરિક્ષમાં છોડવામાં આવેલો વિશ્વનો સૌપ્રથમ ઉપગ્રહ ક્યો હતો ?

1. **મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય શાયરનું બિરૂદ કોને આપ્યું હતું?**
(૧) મરીઝ (૨) રમેશ પારેખ
(૩) શેખાદમ આબુવાલા (૪) ઝવેરચંદ મેઘાણી

2. **રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા ફિલ્મ "ભવની ભવાઈ"નું દિગ્દર્શન કોણે કર્યું હતું?**
(૧) પરેશ રાવલ (૨) મોહન ગોખલે
(૩) કેતન મહેતા (૪) ઓમ પુરી

3. **કનૈયાલાલ મા. મુનશીની કઇ નવલકથામાં મુંજ અને મૃણાલવતીના પાત્રો છે?**
(૧) પૃથ્વીવલ્લભ (૨) પાટણની પ્રભુતા
(૩) ગુજરાતનો નાથ (૪) રાજાધિરાજ

4. **દક્ષિણ ભારતના ચૌલ વંશના ક્યા રાજાએ દક્ષિણ પૂર્વ એશિયાના દક્ષિણ થાઇલેન્ડ, સુમાત્રા અને જાવા જેવા પ્રદેશો જીતી લીધા હતાં?**
(૧) રાજેન્દ્ર ચૌલ પહેલો (૨) રાજરાજા ચૌલ પહેલો
(૩) રાજાધિરાજ ચૌલ પહેલો (૪) વિરરાજેન્દ્ર ચૌલ

5. **૧ ઈંચ એટલે .................... નેનોમીટર**
(૧) ૨૫૪૦૦૦૦૦ (૨) ૫૨૪૦૦૦૦૦
(૩) ૪૦૦૨૫૦૦૦ (૪) ૪૦૦૫૨૦૦૦

6. **કલ્પક્કમ અણુ ઊર્જા મથક ક્યા રાજ્યમાં છે?**
(૧) તમિલનાડુ (૨) આંધ્ર પ્રદેશ (૩) તેલંગાણા (૪) કેરળ

7. **ઇન્ટરનેટના સંદર્ભમાં VPN એટલે શું?**
(૧) Virtual Private Network
(૨) Virtual Private Net
(૩) Virtual Public Network
(૪) Various Private Network

8. **૧૯૫૯માં ભારતના ક્યા રાજ્યએ સૌપ્રથમ પંચાયતી રાજની સ્થાપના કરી હતી?**
(૧) રાજસ્થાન (૨) ગુજરાત (૩) ઓરિસ્સા (૪) મહારાષ્ટ્ર

9. **ભારતીય બંધારણના અનુચ્છેદ ...........માં પ્રત્યેક પંચાયતમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે આરક્ષણની જોગવાઈ છે.**
(૧) 243-D (૨) 243-E (૩) 243-A (૪) 243-B

10. **એક સાંકેતિક ભાષામાં 'SCHOOL'નો સંકેત '222112' હોય તો 'COLLEGE'નો સંકેત ક્યો હશે?**
(૧) 2222121 (૨) 2122121
(૩) 2122112 (૪) 2121121

11. **હરિદ્વાર : ગંગા, બુડાપેસ્ટ : ...........**
(૧) વૉલ્ગા (૨) થૅમ્સ (૩) ડેન્યૂબ (૪) નાઇલ

12. **રાજ્યમાં ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭નો અમલ કોણ કરાવે છે?**
(૧) ઉદ્યોગ કમિશનરશ્રી
(૨) નાયબ સચિવ, નાણા વિભાગ
(૩) શ્રમ નિયામકશ્રી
(૪) રોજગાર અને તાલીમ નિયામકશ્રી

13. **રાજ્યની કારોબારી સત્તા રાજ્યપાલમાં નિહિત થશે. - આ વાક્ય બંધારણના ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) ૧૫૧ (૨) ૧૫૨ (૪) ૧૫૩ (૪) ૧૫૪

14. **નોર્વેમાં ભારતનું રિસર્ચ સ્ટેશન "હિમાદ્રી" ક્યાં આવેલું છે?**
(૧) NyÅlesund (૨) Haugesund
(૩) Molde (૪) Ålesund

15. **ભારતના ક્યા રાજ્યમાં બામ્બૂ ડ્રિપ ઇરિગેશન પદ્ધતિ વ્યાપકપણે પ્રચલિત છે?**
(૧) રાજસ્થાન (૨) ગુજરાત (૩) મેઘાલય (૪) કેરળ

16. **અમરાવતી શહેર ભારતના ક્યા રાજ્યમાં આવેલું છે?**
(૧) ઉત્તર પ્રદેશ (૨) બિહાર (૩) રાજસ્થાન (૪) આંધ્રપ્રદેશ

17. **રૂરકેલા સ્ટીલ પ્લાન્ટ કઇ નદીના કિનારે આવેલો છે?**
(૧) ભદ્રા (૨) બ્રાહ્મણી (૩) દામોદર (૪) ભીમા

18. **"રાગિણી" એ લોક ગીતનો એક લોકપ્રિય પ્રકાર છે. તેનો સંબંધ ક્યા રાજ્ય સાથે છે?**
(૧) ઉત્તર પ્રદેશ (૨) છત્તીસગઢ (૩) ઝારખંડ (૪) હરિયાણા

19. **ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ આપવાની યોજનાની શરૂઆત ક્યા વર્ષમાં થઈ?**
(૧) ૧૯૭૪ (૨) ૧૯૭૦ (૨) ૧૯૬૦ (૩) ૧૯૮૦

20. **"મરણ પામનારની પાછળ તેનું નામ લઈ છાતી કૂટવી" - આ માટે એક શબ્દ આપો.**
(૧) હૈયાવરાળ (૨) રૂદન (૩) હિબકાં (૪) છાજિયાં

21. **The archaeology of Gujarat (including Kathiawar) પુસ્તકના લેખક કોણ?**
(૧) રમેશ જમીનદાર (૨) હરિભાઈ ગોદાની
(૩) હિરાનંદ શાસ્ત્રી (૪) હસમુખ સાંકળિયા

22. **જૂનાગઢ પર વિજય મેળવ્યા બાદ તેનું નવું નામ "મુસ્તફાબાદ" ક્યા સુલ્તાને આપ્યું?**
(૧) બહાદુરશાહ (૨) મુઝફ્ફરશાહ બીજો
(૩) મહમૂદ બેગડો (૪) એહમદશાહ

23. **ગુજરાતના ક્યા સુલતાનનું મૃત્યુ પોર્ટુગીઝો સાથેની તકરારમાં થયું હતું?**
(૧) બહાદુરશાહ (૨) મહમૂદ શાહ બીજો
(૩) મુઝફ્ફરશાહ ત્રીજો (૪) અહમદશાહ પહેલો

24. **નીચે પૈકીના ક્યા બૌદ્ધ સાહિત્યમાં સાધુઓ અને સાધ્વીઓના સંદર્ભમાં સંતજીવનને લગતા આચરણના નિયમો દર્શાવાયેલા છે?**
(૧) સૂત્ત પિટક (૨) અભિધમ્મ-પિટક
(૩) વિનય પિટક (૩) જાતક કથા

25. **"India, that is Bharat, shall be a Union of States" - આ વાક્ય બંધારણમાં ક્યાં અનુચ્છેદમાં છે?**
(૧) ૧ (૨) ૨ (૩) ૪ (૪) ૬

26. **ભારતીય બંધારણના અનુચ્છેદ ૮૬ મારફત સંસદના ગૃહોમાં અભિભાષણનો અને સંદેશો આપવાનો અધિકાર કોને મળ્યો છે?**
(૧) રાષ્ટ્રપતિ (૨) વડાપ્રધાન
(૩) કાયદા પ્રધાન (૪) ઉપરાષ્ટ્રપતિ

27. **સંસદમાં ક્યા પ્રકારનું વિધેયક રાષ્ટ્રપતિની પૂર્વ-મંજૂરી વિના રજૂ કરી શકાતું નથી?**
(૧) કૃષિ વિધેયક (૨) નાણા વિધેયક
(૩) સંરક્ષણ વિધેયક (૪) શિક્ષણ વિધેયક

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

28. **ભારત સરકારના મુખ્ય કાનૂની સલાહકાર અને માન. સર્વોચ્ચ ન્યાયાલયમાં સરકારના પ્રાયમરી લૉયર કોણ હોય છે?**
(૧) એટર્ની જનરલ ઑફ ઇન્ડિયા
(૨) સૉલિસિટર જનરલ ઑફ ઇન્ડિયા
(૩) એડવોકેટ જનરલ (૪) કાયદા પ્રધાન

29. **ડાબી બાજુ આપેલી જોડના તર્કનો આધાર લઇ જમણી બાજુની જોડ પૂર્ણ કરો.**
**ROAD : URDG : : SWAN : ?**
(૧) VXDQ (૨) VZDQ (૩) VZDP (૪) UXDQ

30. **EEPROMનું પૂરું નામ જણાવો.**
(૧) Electrically Erasable Programmable Read Only Memory
(૨) Easily Erasable Programmable Read only Memory
(૩) Electronic Erasable Programmable Read only Memory
(૪) Electrically Eradicated Programmable Read Only Memory

31. **જાન્યુઆરી ૧૯૯૪માં વેબ સર્વિસિસ પ્રોવાઇડર Yahoo!ની સ્થાપના કોણે કરી હતી?**
(૧) જેક મા અને જોસેફ સી. સેઈ (૨) જેરી યાંગ અને ડેવિડ ફિલો
(૩) લેરી પેજ અને સેર્ગેઇ બ્રિન (૪) સુંદર પિચાઈ અને રૂથ પૉરેટ

32. **મે-૧૯૯૮માં ભારતે પોખરણમાં કરેલા પરમાણુ પરીક્ષણનું કોડ નેમ શું હતું?**
(૧) ઑપરેશન વિજય (૨) ઑપરેશન દુર્ગા
(૩) ઑપરેશન શક્તિ (૪) ઑપરેશન અણુશક્તિ

33. **ફૂટબોલની રમત સાથે સંકળાયેલા મહાનતમ્ ખેલાડીઓ પૈકીના એક ડિએગો મારાડોના ક્યા દેશ તરફથી રમતા હતાં?**
(૧) બ્રાઝિલ (૨) વેનેઝુએલા
(૩) આર્જેન્ટિના (૪) મોરક્કો

34. **ઇ.સ. ૧૮૨૫માં વિશ્વની સૌપ્રથમ રેલની શરૂઆત .......... અને ......... વચ્ચે થઈ હતી.**
(૧) સ્ટોકટન-ડાર્લિંગ્ટન (૨) મુંબઈ-થાણે
(૩) કેન્ટરબરી-વ્હિસેબલ (૪) બાલ્ટિમૉર-ઓહિયો

35. **રેલમાર્ગોની સૌથી વધુ ગીચતા ક્યાં છે?**
(૧) યુરોપ (૨) આફ્રિકા (૩) એશિયા (૪) અમેરિકા

36. **ટ્રાન્સ-સાઇબિરિયન રેલમાર્ગ એશિયા અને યુરોપને જોડતો આંતરખંડીય રેલમાર્ગ છે. તેની લંબાઈ જણાવો.**
(૧) ૯૩૩૦ કિ.મી. (૨) ૯૩૩૮ કિ.મી.
(૩) ૯૩૩૨ કિ.મી. (૪) ૯૩૩૫ કિ.મી.

37. **ક્યા શહેરમાં ભારતીય રેલવેના બે વિભાગ - મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેનું મુખ્ય મથક છે?**
(૧) અમદાવાદ (૨) મુંબઈ (૩) હાજીપુર (૪) જયપુર

38. **૧૮૬૯માં પૂર્ણ થયેલી સુએઝ નહેર બનાવવાનો શ્રેય એન્જિનિયર .................... ને જાય છે.**
(૧) ભાઈલાલભાઈ પટેલ (૨) ગુસ્તાવ એફેલ
(૩) ફર્ડિનાન્ડ-દ-લૅસેપ્સ (૪) બર્નાર્ડ ફૉરેસ્ટ દ બૅલિદોર

39. **ભારતમાં આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક હવાઇમથકો પર ઇન્ટરનેશનલ અર કાર્ગોના પ્રોસેસિંગ માટે અર કાર્ગો ટર્મિનલ્સની રચના, વિકાસ અને વ્યવસ્થાપનની જવાબદારી કોણ સંભાળે છે?**
(૧) ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન
(૨) ઍરપોર્ટસ્ ઑથોરિટી ઑફ ઇન્ડિયા
(૩) સચિવ, નાગરિક ઉડ્ડયન મંત્રાલય (૪) કસ્ટમ્સ વિભાગ

40. **અમેરિકામાં મેક્સિકોની ખાડીના કિનારાને તેલક્ષેત્રોમાંથી ખનિજ તેલ મેળવીને ઉત્તર-પૂર્વ વિસ્તારો સુધી પહોંચાડતી પ્રસિદ્ધ પાઇપલાઇન કઈ?**
(૧) બિગ ઈંચ પાઇપલાઇન
(૨) વૅસ્ટ-ઈસ્ટ ગૅસ પાઈપલાઇન
(૩) કૉમેકોન પાઇપલાઇન (૪) કિસ્ટોન પાઇપલાઇન

41. **ભારતીય ભાષામાં સૌપ્રથમ સમાચારપત્ર બંગાળી ભાષામાં, રાજા રામમોહન રોયે ૧૮૧૯માં શરૂ કર્યું હતું, તેનું નામ આપો.**
(૧) સંવાદ ભારતી (૨) બ્રહ્મોસમાજ ગૅઝેટિયર
(૩) સંવાદ કૌમુદી (૪) ઉદંત માર્તંડ

42. **ગુજરાતી ભાષાનું સર્વપ્રથમ સમાચારપત્ર "શ્રી મુમબઈનાં શમાચાર" ક્યા વર્ષમાં શરૂ થયું હતું?**
(૧) ૧૮૨૦ (૨) ૧૮૨૧ (૩) ૧૮૨૨ (૩) ૧૮૨૩

43. **ભારતમાં રેડિયોનું પ્રસારણ બોમ્બે પ્રેસિડેન્સી રેડિયો ક્લબ દ્વારા વર્ષ ..........માં શરૂ થયું?**
(૧) ૧૯૨૩ (૨) ૧૯૨૪ (૩) ૧૯૨૫ (૪) ૧૯૨૬

44. **અંતરિક્ષમાં છોડવામાં આવેલો વિશ્વનો સૌપ્રથમ ઉપગ્રહ ક્યો હતો ?**
(૧) સ્પુટનિક-૧ (૨) આર્યભટ્ટ (૩) ઍક્સ્પ્લોરર-૧ (૪) એરિઅલ-૧

45. **આસિયાન - Association of South East Asian Nationsનું વડું મથક ક્યાં છે?**
(૧) નવી દિલ્હી (૨) કોલમ્બો (૩) સિંગાપોર (૪) જાકાર્તા

46. **સાર્ક - South Asian Association For Regional Co-operationનું વડું મથક ક્યાં છે?**
(૧) ઇસ્લામાબાદ (૨) ઢાકા (૩) નવી દિલ્હી (૪) કાઠમંડુ

47. **GIS - જિઓગ્રાફિક ઇન્ફર્મેશન સિસ્ટમના પિતા તરીકે કોણ જાણીતું છે?**
(૧) માર્ક ઝુકરબર્ગ (૨) રોજર ટૉમલિન્સન (૩) ચાર્લ્સ બબેજ (૪) આ પૈકી કોઇ નહીં

48. **ભૂગોળ માટે Geography શબ્દ સૌપ્રથમ ઇ.સ. પૂર્વેની બીજી સદીમાં કોણે પ્રયોજ્યો હતો?**
(૧) મેગેસ્થિનિસ (૨) ઈરેટોસ્થિનિસ (૩) સ્ટ્રેબો (૪) ટૉલેમી

49. **ભૂગોળ એક એવું વિજ્ઞાન છે કે જે પૃથ્વીના એક સ્થાનથી બીજા સ્થાન સુધીના પરિવર્તનશીલ સ્વરૂપોનું વર્ણન 'માનવ સંસાર'ના રૂપમાં કરે છે. આ મત કોણે આપ્યો હતો?**
(૧) હાર્ટશૉર્ન (૨) કાર્લ રિટર (૩) ટૉલેમી (૪) ફ્રેડરિક રેટ્ઝેલ

50. **ચંદ્રનો વ્યાસ ૩,૪૭૫ કિ.મી. છે. તે પૃથ્વીથી કેટલા અંતરે આવેલો છે?**
(૧) ૩,૪૦,૦૦૦ કિ.મી. (૨) ૧,૪૦,૦૦૦ કિ.મી.
(૩) ૩,૮૫,૦૦૦ કિ.મી. (૪) ૩,૮૦,૦૦૦ કિ.મી.

**જવાબો :**

**(૧) ૪ (૨) ૩ (૩) ૧ (૪) ૧ (૫) ૧ (૬) ૧ (૭) ૧ (૮) ૧ (૯) ૧ (૧૦) ૨ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૪ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૪ (૧૭) ૨ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૪ (૨૧) ૪ (૨૨) ૩ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૧ (૨૬) ૧ (૨૭) ૨ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૧ (૩૧) ૨ (૩૨) ૩ (૩૩) ૩ (૩૪) ૧ (૩૫) ૧ (૩૬) ૩ (૩૭) ૨ (૩૮) ૩ (૩૯) ૨ (૪૦) ૧ (૪૧) ૩ (૪૨) ૩ (૪૩) ૧ (૪૪) ૧ (૪૫) ૪ (૪૬) ૪ (૪૭) ૨ (૪૮) ૨ (૪૯) ૧ (૫૦) ૩**